# જળ, હંસ અને પ્રતિબિંબ

ચન્દ્ર અને ચેરી જપાનનું રાષ્ટ્રીય ચારિત્ર્ય. એ પ્રજા... જુઓને આ 'પ્રજા' શબ્દ બહુ ગમતો નથી, પણ વાપરવો પડે છે. પ્રજા' શબ્દમાં મને દેશની રેખાયિત કરતી સીમાની ઇતિહાસની, રાજાઓની ચડતીપડતીની ગંધ આવે છે; પણ જવા દો એ વાત. એ શબ્દ વાપરવો જ પડશે. હા, તો હું વાત કરતો હતો જપાનની પ્રજાની. એ પ્રજા કે જે ચેરીના પ્રથમ પુષ્પપ્રસવનાં આમંત્રણ પાઠવે, અગાશીઓ ચન્દ્રશાળામાં શાંતિથી નભેથી દ્રવતી ચાંદનીનું મૂંગા મૂંગા પાન કરે, ચા જેવા પીણાની રોજિંદી બનાવટને એક અનુષ્ઠાનવિધિની ગિરમા આપે, વાંસઘાસની પત્તીઓને એકબે ક્ષ્રેશ લસરકાથી જીવતી બનાવી દે, સ્વેચ્છામૃત્યુને હારાકીરીના સ્વરૂપે આત્મહત્યાના આળમાંથી ઉગારી લે એ પ્રજાનાં કેટલાંક હાઇકુઓ મનમાં ઘર કરી ગયાં છે. તેનું લાઘવ, તેની નજાકત, નકશી, ચિત્રાંકન, ચિંતન, સંવેદન બધું. ત્રણ લીટીમાં આપણા મનના બધા ખંડો પર ભગવાન વામનની જેમ અધિકાર જમાવી દે. જુઓ આ હાઇકુ :

કેવો ચન્દ્ર!
ચોર પણ થંભ્યો
ગણગણવા.

- બુસોન

આવો એક ચન્દ્ર જોવા મળે તેની ચાંદનીના પાશમાં પકડાયા પછી ચોરને શી સૂધબૂધ રહે? કોઈકે કહેલું તે યાદ આવે છે કે, ખરતો તારો જુઓ ત્યારે તમે જે માગો તે તમને જરૂર મળે.' પણ આખા આકાશમાં ક્ષણાર્ધ પૂરતી લિસોટા, લસરકાની જેમ દોરાતી એ રજતરેખને જોઈને 'આહ્ય' સિવાય કર્યો અભાગિયો બીજું માગી શકે? બોલો ચોરનો કશો વાંક?

આ ચાંદની જોઈ?

હું હોડીમાં
ચન્દ્રલેખાનો પ્રકાશ
મારા ખોળામાં
– તૈગી

ચન્દ્રલેખાનો આછો નરમ પ્રકાશ બધે હશે પણ ફોકસ છે ખોળા પર ને 'ખોળો' શબ્દથી જ રચાયો ચન્દ્રપ્રકાશ સાથેનો સ્નેહનો, લાડનો અનુબંધ.

હોકુસાઈ ને બીજા જપાની ચિત્રકારોનાં ચિત્રોમાં એ ચન્દ્રઘેલી પ્રજાએ ચન્દ્ર નીરખ્યો છે. ક્યાંક પવિત્ર પર્વત ફ્યુજિયામા પાછળ, પાઇન વાંસનાં વૃક્ષોની પડછે કે ઊડતા હંસોને વધુ ધવલ બનાવતા પૂર્ણચન્દ્રરૂપે. એ ચન્દ્રનું ઘેલું આ કવિને કેવું લાગ્યું છે જુઓ :

જોજનો સુધી
સરોવર પર હિમ
ચન્દ્ર છે મારો સુવાંગ.
- બુસોન

એ હાડ ગાળતી શિશિરરાત્રે કવિ સિવાય કોણ જુએ થીજેલા શુભ્ર સરોવર પરના ચન્દ્રને? થીજેલા સરોવર પર ચાલતાં ચાલતાં આકાશમાં ચન્દ્રને જોતાં જોતાં કવિ ચાંદનીમાં પીગળ્યા હશે ને! રૉબર્ટ ફ્રૉસ્ટનું એક્વેન્ટેડ વિથ નાઇટ' યાદ આવે.

ચન્દ્રનું ચિત્રાત્મક આલેખન જુઓ આ હાઇકુમાં :

ઊતરતા જંગલી હંસોની
પંક્તિ તળેટીમાં
નીચે મુદ્રા ચન્દ્રની.
- બુસોન

જપાનીઝ પટ્ટચિત્ર(સ્ક્રૉલ) પર આલેખાયેલ આળખાયેલ ચિત્ર જાણે. ઉપર જંગલી હંસોની પંક્તિ કહી કવિતાની line'નું સૂચન ને નીચે આ લૅન્ડસ્કેપના કવિ- ચિત્રકાર – ચન્દ્રની સહી મુદ્રારૂપે.

આ કવિ ઇજન આપે છે ચન્દ્રદર્શનનું :

ચાલો જઈએ
હિમદર્શને
દટાઈ જઈએ ત્યાં સુધી.
- બાશો

ઘરની બારીમાંથી નિરાંતે આ જોવાની વાત નથી. હિમદર્શન કરતાં કરતાં હેમાળો ગળવાની, શીતસમાધિ લેવાની વાત છે.

એક શિશિર રાત્રે કવિએ ઠીંગરાયેલી પ્રકૃતિ જોઈ :

પાનખર :
પક્ષી અરે વાદળ પણ
દીસતાં ઘરડાં.
– બાશો

પંખી ઘરડું હોય પણ તેના ઉડ્ડયન, રંગગતિની લાક્ષણિકતાથી કદી લાગે ખરું? ને વાદળ તો નિત્યનૂતન ચંચળ, તે પણ આ શિશિર રાત્રે લાગે છે ઘરડાં.

ચન્દ્ર વિશે એક એવું હાઇકુ વાંચ્યાનું સ્મરણમાં જેમાં ચિત્ર કાંઈક આવું છેઃ કવિના ઘરમાં ચોર આવી, વાળીઝૂડીને બધું લઈ બારી વાટે પલાયન કરી ગયો છે. કવિ જાગે છે અને જુએ છે તો ખાલી ઘરની બારીની ફ્રેઇમમાં લટકે છે અદ્‌ભુત પૂર્ણચન્દ્ર! કવિ હાશકારો કરે છે કે આ ઝળૂબતો ચન્દ્ર તો ચોર લઈ જઈ શક્યો નથી!

આ જપાની હાઇકુમાં કે ચિત્રોમાં પંખી તો ઠીક, પણ જંતુ પણ કેવાં મહાન અને અસ્મિતાથી ભર્યાં ભર્યાં લાગે છે. તીડ, કંસારી,

પતંગિયાં, વાણિયા, માખી – આ દરેકને જાણે કવિ નામથી ઓળખતા ન હોય! આપણા જૈનોથીય વિશેષ કરુણાભાવ નહીં, પણ પ્રેમભાવે જુએ છે :

વચ્ચેથી હું
ખસી જાઉં છું મારી માખીઓ!
હવે તમે પ્રેમ કરો નિરાંતે.

– ઈસ્સા

એકબીજા પાછળ ઊડતી, ચકાવા લેતી, ગુંજતી, ગણગણતી માખીઓ વચ્ચે કવિ જઈ ચડ્યા ને જોયું તો તેમની હાજરી હતી વિક્ષેપકારી. વચ્ચેથી ખસી જઈ દિવ તેમના ગયા પછી એ માખીઓને ફરી સંવનનલીલા શરૂ કરવા આમંત્રણ, મોકળાશ અને એકાંત આપે છે. ઉમાશંકરના ‘શોધ’માં અડધિયા ડબ્બામાં નમતા પહોરે પ્રવેશેલા નવપરિણીત યુગલને જોઈ કાવ્યનાયક ત્યાંથી ખસી ગયો હતો પણ આ જપાની કવિહૃદય તો ઢળી પડ્યું એક તુચ્છ માખીયુગલ પર.

પોતાના ઘરના માલિક આપણે પોતે જ હોઈએ છીએ? પક્ષી, ગરોળી, કરોળિયાનું પણ ઘર છે. પણ કીટક જંતુઓનો તો તેના પર આદ્ય અંતિમ અને અબાધિત અધિકાર. આપણે ઘર વસાવ્યું તે પહેલાં તેઓ વસેલાં હતાં. આપણે જઈશું, આ ઘર જશે ત્યારે પણ તેઓ રહેશે. બોલો એ ક્યાં મારું છે? એ તો મેં ઉધાર લીધું છે જંતુઓ પાસેથી! અને આ તે કેવી નવલી ઓળખાણ છે :

કીટકો પાસેથી
ઉધાર લઈ ઘર મારું
હું સૂતો.

– ઈસ્સા

કલાપીએ પણ કહ્યું છે ને કે “પાસે જેવી ચરતી હતી આ ગાય તેવો જ હું છું.’ આવો ઘરોબો છે કવિને આગિયા સાથે. આ તો

છે સિઝનનો પહેલો આગિયો પણ કવિને તો ઘરોબો છે તેમની પેઢીઓ જૂનો. કવિ કહે છે મને ન ઓળખ્યો? એ તો હું!

પહેલો આગિયો
– કેમ પાછો ફરી ગયો?
એ તો હું, ઈસ્સા.

– ઈસ્સા

મોસમનો કેવો તો થાક ચડ્યો કે ઘેલું ચંડોળ ચણવાનું તો ભૂલ્યું પણ નાનાં પરાધીન કુમળાં બચ્ચાંને ખવરાવવાનું પણ ભૂલ્યું.

ચંડોળ ઊડે
ઊંચે આકાશમાં
નીચે બચ્ચું મરશે ભૂખે.

– સોરા

વિષ્ણુએ અવતાર ધર્યો હોય ને દેખાયા હોય તેવા રોમાંચ સાથે કવિ લગભગ પોકારી જ ઊઠ્યા : “આજે તો એ મોંઘેરું બુલબુલ બે વાર આવ્યું.’ દેખાયું નહીં. ‘દેખાયું’માં દૂરત્વ, પરોક્ષતા છે. ‘આવ્યુંમાં નૈકટ્ય, આવકાર ને પરોણાગત છે બુલબુલની.

બુલબુલ
– ભાગ્યે જ જે દેખાતું
આજે બે વાર આવ્યું.

– કીટો

પણ આ કવિ વાસ્તવદર્શી પણ છે :

આ જગતમાં
જીવવા માટે પતંગિયાંઓને
પણ કરવી પડે છે જોગવણી.

– ઈસ્સા

રવીન્દ્રનાથ જેવા નર્યા કવિને પણ શાંતિનિકેતન ચલાવવા, વ્યવહાર ચલાવવા ઠેર ઠેર નાચવું નહોતું પડ્યું? અને કર્મ કર્યા વગર કોને ચાલે છે?

અને આ ભુલાઈ ગયેલી ભરતી જોઈ –

ભરતી વખતે તણાઈ આવેલી અને ઓટ વખતે ખડક વચ્ચે રહી ગયેલી તે લીલને ભુલાયેલી ભરતી કહી કેવો વળાંક આપ્યો છે દૃષ્ટિને! એ શું યૌવનકાળની સ્મૃતિ છે? કદાચ.

ખડકો વચ્ચે
સમુદ્રલીલ :
ભુલાઇ ગયેલી ભરતી.

**– કીટો**

ચેરીવૃક્ષ નીચે અપરિચિત આવ્યા હો ભલે પણ રહી શકાય ખરું? એની છાયા નીચે બે અપરિચિત બે ઘડી ઊભા તો મિત્રદીક્ષા પામ્યા જ સમજો. દક્ષિણામૂર્તિ સ્તોત્રમાં વડના ઝાડ નીચે 'શુરોન્તુ મૌનમ્ વ્યાવ્યાનમ્ શિષ્યાસ્તે છિન્નસંશયા'માં મૌન વ્યાખ્યાન આપી શિષ્યોના સંશયને દૂર કરતા ગુરુની મહત્તા ખરી, પણ જે વડ નીચે બેઠા છે તે વડનો પણ પ્રભાવ હશે ને?

ચેરીવૃક્ષ નીચે
કોઇએય અપરિચિત નહીં.

**– ઇસ્સા**

નિર્જીવ માનીએ છીએ તે પણ છે કેટલાં સજીવ.

બાળવા માટે ખડક્યાં
બ્રશવૂડનાં લાકડાં :
આ ફૂટી કૂંપળ.

**– બોંકો**

કબીરની જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયાં'ની યાદ અપાવે છે આ હાઇકુ. પણ આમાં સંન્યાસીના ગેરુઆ વિતરાગ કરતાં ગૃહસ્થનો ખિન્ન અવસાદ વિશેષ છે.

ઊખડી ગયેલા મૂળ ભૂતકાળવાળા સમાનધર્માં માણસો તો બધે જ હોય ને : ભાયાણીસાહેબે અનુવાદ કરેલી : પ્રાકૃત ગાથામાં છે ને :

મારા જ શહેરમાં
હવે હું સૂઉં છું
પ્રવાસી જેમ.

– ક્યોરાઇ

'એ જુવાનો, ગામની સમૃદ્ધિ અને અમારું તારુણ્ય –

જૂના ઇતિહાસની જેમ એમની વાતો લોકો કહે છે અને અમે પણ તે સાંભળી રહીએ છીએ.'

આછાં સફેદ ચેરીપુષ્પો ચાંદનીમાં જોઈ કવિને જાણે બુદ્ધ લાધ્યાઃ

બુદ્ધ :
ચાંદનીમાં ચેરીપુષ્પો.

– હોઇન્સુ

રસળતી શુભ્ર શાંત ચાંદનીમાં એ ખીલેલાં હળવાં કોમળ ધવલ ચેરીપુષ્પો એ જ તો બુદ્ધ. એ જોઈને જ બુદ્ધત્વ ન લાખું? બુદ્ધ કાંઈ જુદા છે?

બુદ્ધપ્રાપ્તિ છે તો તેનો અભિનિવેશપૂર્વકનો નકાર પણ છે :

પાનખરનો પવન :
દેવો, બુદ્ધ –
જૂઠાણું, જૂઠાણું નર્યું જૂઠાણું.

– શિકિ

જો દેવો હોય તો નહોરિયાં ભરતા કારમા કાતિલ આવા પવનો હોય? આ જ કવિ એક શાંત પ્રકૃતિચિત્ર કેવું નજાકતથી દોરે છે :

ગ્રીષ્મ આકાશ
વરસાદ પછી સ્વચ્છ –
કીડીઓની કૂચ.

– શિકિ

ઉઘાડ પછી કાચ જેવા તડકામાં જીવન થાળે જ નથી પડતું, પણ કેવું ધબકે છે તે કીડીઓની કૂચથી જોયું? આમ આકાશથી જમીન પરની નાનકડી કીડી સુધી આપણી દૃષ્ટિ દોડાવી.

આ છે વાસંતી વરસાદ :

વસંતનો વરસાદ :
અને હજી સુધી નાની દેડકીઓનાં
પેટ ભીંજાયાં નથી.

- બુસોન

આમાં નર્મમિશ્રિત ઉપાલંભ છે વરસાદને? જળપ્રિયા દેડકીઓ પ્રત્યે દયાભાવ છે? કે માત્ર સ્વભાવોક્તિ?

વતનની આ તે કેવી કાતર સ્મૃતિ :

જંગલી હંસો!
તમે પણ શું નાના હતા
વતનથી જ્યારે ઊડ્યા?

– બાશો

ચાંદનીમાં ચેરીપુષ્પોમાં એકને બુદ્ધ લાધ્યા તો બીજામાં બુદ્ધનિર્વાણ વિશે કવિ કહે છે :

બુદ્ધનિર્વાણ
પુષ્પો અને પૈસાથી ઊર્ધ્વ.
– ઈસ્સા

પૈસાથી તો સમજ્યા, પણ ફૂલોથી પણ ઉપર? શુદ્ધ સૌંદર્ય, વિદ્યા-અવિદ્યાથી પર છે તેનું મૂલ્ય.

સામુરાઈના આ દેશમાં સૈનિક વિશે બાશો કહે છે :

સૈનિકોનાં સ્વપ્નોરૂપે
રહ્યું છે માત્ર
ઉનાળુ ઘાસ.

– બાશો

શહેનશાહોની સામ્રાજ્યલાલસા લડાઈમાં ખપી ખરપાઈ દટાઈ જતા સૈનિકોની દુ:ખદ નિયતિરૂપે રહે છે કબ્રસ્તાનમાં ઊગી જતું ઘાસ. યુદ્ધમાં હણાઈ ગયેલા પુત્રની માતાના આક્રંદરૂપે લખાયેલ ચાઈનીઝ કવિ તુ-ફુની કવિતા વાંચેલી તેની પંક્તિઓ યાદ આવે છે :

દીકરાઓ તો હોય છે
માથોડા ઊંચા ઘાસમાં
ડૂબી જવા માટે.

– ઇન્દ

શાંત ગ્રામજીવનનાં ખેતર-બીડની માથોડા ઊંચી ધાન-ઘાસની ફસલો વચ્ચે ઢંકાવા માટે દીકરાઓ તો હોય છે, નહીં કે આમ યુદ્ધમાં રોળાઈ જવા માટે.

ડચ ચિત્રકાર વર્મિરનાં ચિત્રોમાં રોજિંદી ચીજો બારીઓ, પડદા, પિયાનો, આરસની લાદી, ટેબલ, કીટલી એ બધું વ્યક્તિત્વવાળું

પ્રશમરસદીપ્ત લાગે... એ રોજિંદી વસ્તુઓને ટેવવશ આપણે ભલે અવગણી હોય પણ તેમાં આટલું ભર્યું છે તેનો ખ્યાલ આવે છે આ હાઇકુમાં :

ઝાકળભીની સવાર –
આ તાસકો પણ
કેટલી સુંદર!

– બુસોન

આ ધુમ્મસઘેરી ઝાકળભીની ધૂંધળી સવારમાં જ સ્પષ્ટ દેખાય છે તે તાસક રહસ્યભરી સુંદર... રોજ ધોળા, દિવસના ઝળાહળા પ્રકાશમાં તે ક્યાં ઢંકાઈને રહી હતી કે તેનું હૃદય ખોલવા આ ધૂસર રહસ્યમય ક્ષણ જ પસંદ કરી? સવારે આપણે પણ આપણામાં પ્રતિષ્ઠિત નથી હોતા શું? પૂરા અર્થો મારી પાસે ન ખોલતું બાશોનું એક હઠીલું હાઈકુ હજી ખૂલવા ટ્રાય કર્યા કરે છે.

જૂનું તળાવ
છલાંગ-છપાક્
– દેડકો.

– બાશો

એ જૂના તળાવમાં સંચાર થયો તેનાં વલય-વમળ- તરંગ મનમાં પણ વિસ્તરતાં જાય છે. ફિનોમિનોલૉજીવાળાને ગમી જાય તેવું અર્થબોધ પહેલાં ઇન્દ્રિયબોધ કરાવતું, જ્ઞાન, પહેલાં સંવેદનને સ્થાપતું આ હાઇકુ હજી સમજાતું નથી, પણ તેની બાશોને કે પેલા દેડકાને ક્યાં પડી છે?

પાનખરની ગંધ
હૃદય ઝૂરે
ચાર સાદડીવાળી ઓરડી માટે.

– બાશો

આમ તો બે જણ અમસ્તા કેવા પૂરતા હોય છે, પણ આ શુષ્ક ઠંડા લાંબા કારમા શિયાળામાં તો હૂંફ જોઈએ- બે નહીં વધારેની. બે જણમાં તો એકલતા બેવડાય.

આ ઝાકળ જોઈ?

ઝાકળ ફેલાઈ
બધે નર્કનાં બીજ
વવાયાં.

**– ઇસ્સા**

રાતમાં બંધાયેલ ઝાકળ સવારના સૂરજના સ્પર્શે ધીમે ધીમે માઈને ઊડી ગઈ–વરવા વાસ્તવજગતનું નરક જાણે સવાર ફરી ખુલ્લું થયું.

એક તો ઝાકળ અને તે પણ પાંદડાં પરની. ગમે ત્યારે સુકાય, શોષાય અને તે પહેલાં અમથા કંપનથી દડી પણ પડે. ભંગુરતાને કેવી બુદ્ધદર્શન સાથે જોડી આપી?

બુદ્ધસંદેશ
ચળકે છે
પાંદડાં પર ઝાકળમાં.

**– ઈસ્સા**

પણ આ કવિ માત્ર નિર્વાણમાં જ રાચે છે તેમ નથી. ઇન્દ્રિયના દરબારના દબદબા પણ બાખૂબીથી જાણ્યા છે ને સૂક્ષ્મતા પણ માણી છે :

પ્લમ ગંધ
રચે છે ચન્દ્ર ફરતું
આભામંડળ.

**– સોન**

વરસાદના દિવસોમાં ચન્દ્ર ફરતું ચન્દ્રવર્તુળ- ઇન્દ્રવર્તુળ જોયું છે, પણ સાંદ્ર ઘૂંટેલી હવામાં બેસેલી ગંધનું આભામંડળ કી ગંધને દૈવી દેખતી કરી દીધી! અને આ દેશમાં કોઈ એક સમાજમાં ગંધનો તો કેવો મહિમા કે બળેલા લાકડાના ટુકડાની (wooden logs) વિશિષ્ટ ગંધ પરથી વૃક્ષ પારખવાના વિવાહયોગ્ય કન્યાઓની આવડતનાં કેવાં તો નાજુક પારખાં લેવાતાં!

અને કબીરની સાધો સહજ સમાધિ ભલીની સગોત્રી આ કંડિકાઓ :

જતાંઆવતાં જળકૂકડી
નથી કોઇ પગલાં મૂકી જતી
કે નથી જરૂર તેને કોઇ ભોમિયાની.

– ડૉજેન

અને લખનારાઓની સ્થિતિ પણ આવી સહજ જ હશે ને? એક અનામી કવિતા યાદ આવે છે :

*જંગલી હંસોને*
*જળ પર નથી કોઈ પ્રતિબિંબો પાડવાં*
*ને જળ પાસે કોઈ મન નથી*
*પ્રતિબિંબો ઝીલવાં.*

ને છતાં પ્રતિબિંબો પડે છે, જળમાં ઝિલાય છે-જેમ આ કાગળ પર.

■

# પુષ્પોએ રણકાવી ગંધગુંજ

બાશો - 1644-1694

ક્યાંયથી પણ શરણાઈ પર રાગ સાંભળતાં બિસ્મિલ્લાખાન જ કેમ યાદ આવે છે? શરણાઈ વગાડનારા તેઓ કાંઈ આદ્ય કે અંતિમ કલાકાર નથી છતાં શરણાઈ સાથે તેમનું સ્થાન અભિન્ન રીતે જોડાઈ ગયું છે. શરણાઈનો પર્યાય બિસ્મિલ્લાખાન અને બિસ્મિલ્લાખાનનો પર્યાય એટલે અભિન્નહૃદયા શરણાઈ, લોકધૂન અને ઉત્સવ–પ્રસંગોના સીમિત ક્ષેત્રમાંથી શરણાઈને મુક્ત કરી અંતરના ઊંડાણમાં અવગાહન તેમણે કરાવ્યું. ગહનતમમાં છટપટતા ભાવો, ઉદ્ભવતી સુરાવલિને જાણે વાચા મળી. આવું જ કશુંક બાશો અને હાઇકુ વિશે કહી શકાય. છેક તેરમી સદીથી હોક્કુરૂપે લખાતા પ્રાથમિક કક્ષાના હાઇકુને સભારંજની શીઘ્ર કવિતાના સ્થાનમાંથી પ્રશિષ્ટ-પ્રબુદ્ધ સર્જકતાનું સ્થાન આપ્યું આ બાશોએ.

બાશો હતો સામુરાઈ વંશજ. સામુરાઈ એટલે યોદ્ધો. બાશોના ભાગે અસ્ત્રશસ્ત્ર કેળવવાનાં-ખેલવવાનાં ન આવ્યાં. તેના ભાગે આવ્યા શબ્દો. બાશોનો જન્મ શાંતિકાળમાં થયો હતો. ૧૬૦૦ પછી વરસોનું આંતરયુદ્ધ સમાપ્ત થયું. ટોકુગાવા ઐયાસુએ શોગુનેટ-લશ્કરી સરકાર સ્થાપી લગભગ સમ્રાટની સમકક્ષ સત્તા મેળવી. ૧૬૩૮ ત્રીજા શોગુન સમયે જપાન હતું શાંત અને જગતથી અલિપ્ત, અટૂલું. બાશોનો જન્મ ૧૬૪૪માં. શાંતિનો અને સ્થિરતાનો એ કાળ સામુરાઈના એ વંશજ માટે આશીર્વાદરૂપ બની રહ્યો. સામાન્ય માણસ તરીકે આપણને નવાઈ લાગે કે સામુરાઈ અને કવિ? જપાનમાં એ વિરોધાભાસ નથી. ઝેન સાધનાના અનેક રસ્તાઓ કાડો (KADO)-કવિતાલેખન, ગાડો (GADO)-ચિત્રકળા, શાડો (SHADO)-લિમ્પિકળા, જિંદો (JINDO) તત્ત્વજ્ઞાન અને જુડો (JUDO) શક્તિકૌશલ ઝેનસાધનાનાં જ વિવિધ રૂપો.

દક્ષિણ જપાનના ઈંગાના રાજપ્રાસાદે સેવામાં જોડાયા. ઉમરાવના પુત્ર રેંજીન સાથે મૈત્રીની ગાંઠ બંધાઈ. એંજીન બાશો

કરતાં ઉંમરમાં મોટા પણ બંને વચ્ચે વ્યવહાર– પ્રેમ મિત્રવત્. સેંજીન અને સેંજીનના ગુરુ કિજીન પાસેથી જ બાશો હાઇકુકળાના પાઠ શીખ્યા. ૧૬૬૬માં સેંજીનનું મૃત્યુ બાશોને અંદર સુધી હલાવી ગયું. બે મહિનામાં જ બાશો કોઆસાન મઠમાં ગયા. જગતથી નિવૃત્તિ લીધી. સેંજીનના મૃત્યુનો આઘાત જીવનભર રહ્યો. કયોટોમાં કિજીન પાસે હાઇકુકળા શીખવા ગયા. કિજીન સાથે ઈડો (ટોકિયો) આવ્યા. ૧૬૭૪માં અહીં પોતાની કવિતાશાળા સ્થાપી. વેપારીનો પૈસાપાત્ર પુત્ર કિકાકુ તેમનો શિષ્ય બન્યો. તેમના બહોળા અને પ્રતિભાશાળી શિષ્યોએ બાશોની પરંપરા જીવતી રાખી. તેમના દશ મુખ્ય શિષ્યો 'દસ દાર્શનિકો' તરીકે ઓળખાય છે, જેમાં કિકાકુ ઉપરાંત ક્યોરાઈ, ઓનીસુ, ઈન્સુજીન, હોકાશી, જોસો, ક્યોરોકુ, રાન્સેન્સુ, શીકો અને યાહા સ્વતંત્ર હાઇકુકવિઓ તરીકે સ્થાન પામ્યા. ૧૬૮૦માં સ્વતંત્ર આશ્રમ સ્થાપ્યો. ૧૬૮૧થી ઝેનપરંપરા તરફ વળ્યા. આમ તો હાઇકુ- લેખન શરુ કર્યું ૧૬૭૯માં પણ ૧૬૮૬માં ઝેનપરંપરા આત્મસાત્ કર્યા. પછી હાઇકુમાં એક ગાંભીર્ય, ગહનતા અને પ્રશિષ્ટતા આવી. ધ્યાનઝેન શું છે? પરમબોધિ–સાટોરી SATORIની ક્ષણો શું છે? સમજાવી શકાય તેવી કોઈ વ્યાખ્યામાં આ સંજ્ઞાઓ બંધાતી નથી. અવ્યાખ્યાયિત જ રહે છે. સંવેદન-અનુભવથી જ તેને પામી શકાય. એ ક્ષણોએ કશું નકામું, તુચ્છ કે વિશૃંખલિત વિચ્છિન્ન નથી લાગતું. બધું એક સરખું મહત્ત્વનું, એકત્વે ઓપતું સંયોજિત અને સમન્વિત લાગે છે. વાસ્તવને જાણે નવી ધાર ફૂટે છે. એ – Realizing of reality – વાસ્તવબોધની ઘટના છે. નૈસર્ગિક રહસ્યવાદ છે. સર્વ સંબંધો, સર્વ પદાર્થો, સર્વ ઇન્દ્રિયોથી સભાન થવાય છે. બૃહદ સમભાવભરી દૃષ્ટિ લાધે છે.

ઝેનપરંપરાના વિદ્વાન ડૉ. સુઝુકી કહે છે કે ઝેનસંવેદન જ્યારે તીવ્રતા અનુભવે છે ત્યારે મૌન થઈ જાય છે. સત્તર અક્ષર પણ વધી પડે છે. સાટોરીની એ ક્ષણે પદાર્થનું દૃશ્યનું આંતરસંબંધનું જાણે રહસ્યોદ્ઘાટન થાય છે. પ્રાપ્તિની એ ક્ષણો વ્યક્તિત્વની વ્યાપ્તિની ક્ષણો બની જાય છે. ઓછામાં ઓછા શબ્દો, ઓછામાં

ઓછા પીંછીના લસરકાઓથી બધું સજીવ થઈ જાય છે. વિગતવાર કહેવામાં આવે છે ત્યારે સૂચન ઇંગિતો, ધ્વનિની બહુ શક્યતા રહેતી નથી. જપાનીકળામાં સજેશન, ઇંગિતો, વ્યંજનાને અવકાશ છે, બે શબ્દો વચ્ચે પારાવાર અવકાશ ભર્યો હોય છે. ધ્યાનની અવસ્થા એ સત્ત્વ સત્ય પરથી પડદો (જવનિકા) હઠવાની ક્રિયા છે. ઝેન સૌંદર્યશાસ્ત્રનો મુખ્ય ઝોક સરળતા, સહજતા, દિશા અને ગહનતા છે. દરેક કવિતા કોઈ મૂડ, મનોસ્થિતિ (એકાકીપણું, દારિદ્રય, ક્ષહિષ્ણુતા વગેરે)કે વાતાવરણને મુખિરત કરે છે. વર્ડ્ઝવર્થની જેમ પ્રકૃતિમાં રહસ્યમય સંવાદિતા જોનારા કવિ છે દાર્શનિક બાશો. બાશોએ હાઇકુલેખનની એક પોતાની જ શૈલી વિકસાવી. બે ઘટના, બે પરિસ્થિતિ, બે પદાર્થોને જોડાજોડ મૂકી આપ્યાં. વૈષમ્યને પણ સામ્ય જેટલું જ મહત્ત્વ આપ્યું. સહોપસ્થિતિમાંથી જ એક નવો સૂર, નવા અર્થઘટનનું નિર્માણ થયું. એક વાર બાશો શિષ્ય કિકાકુ સાથે વગડામાં ફરવા નીકળ્યા છે. કવિ જ્યારે ખેતરો, જનપદો, વનવગડામાંથી પસાર થાય ત્યારે આત્મસાત્ કરી, જે આંખોથી, ઇન્દ્રિયોથી ભરીને જાય પછી પાછળથી તો ખેડૂત, કઠિયારા માટે બચે માત્ર દાણા, તણખલાં કે લાકડાં એમ થોરોએ કહ્યું છે. બાશો બધું સંવમાં ઝીલતા ચાલ્યા જાય છે ને સાથે રહેલો શિખાઉ કવિ કિકાકુ આસપાસ ઊડતા રાતા વાણિયાને જોઈ બોલી ઊઠે છે સહસા હાઇકુમાં :

રાતો વાણિયો
કાઢી લો જો તેની પાંખો
થઈ જાય મરીની શીંગો.

બાશો શિષ્યને ટપારતા નથી. એ જ પદાર્થોને પલટાવીને મૂકી આપે છે અને ચમત્કાર સર્જે છે.

એકમાં હિંસા, બાદબાકી છે. બીજામાં સર્જન છે, કશાકનું ઉમેરણ છે. જીવનમાં પ્રત્યેક ક્ષણે સાવધ રહેવાનું છે. 'મનસા', 'વાચા'માંય હિંસાને સ્થાન નથી. એક સમભાવ, પ્રેમભરી દૃષ્ટિથી જગતને જોવાનું છે. કવિતા-શિક્ષણનીય બાશોની કેવી નવલી રીત!